તા. ૧૯.૦૪.૨૦૨૫

દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૧

### શનિવારે સવારે 8થી બપોરે 12-30 સુધી મેટ્રો રેલ સેવા બંધ રહેશે

# સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા અંતિમ પડાવમાં, શનિવારે સેફ્ટી કમિશનર ઇન્સ્પેક્શન કરશે

### મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને ગીફ્ટ સીટી સુધીના મેટ્રો રૂટનું ઇન્સ્પેક્શન કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

મેટ્રો રેલ સેવાને સચિવાલય સુધી આગામી જૂન માસમાં ચાલુ કરવાની હોવાથી તેની સેફ્ટીને લઇને કોઇપણ પ્રકારની કચાશ રહે નહી તેના માટે મેટ્રો રેલ સેફ્ટી કમિશનર 19મી, શનિવારે મોટેરાથી સચિવાલય અને ગીફ્ટ સીટી સુધીના રૂટનું નિરીક્ષણ કરવામાં આવશે. સવારે 8થી બપોરે 12-30 કલાક સુધી નિરીક્ષણ કામગીરી ચાલવાની હોવાથી મેટ્રો રેલ સેવા બંધ રાખવામાં આવશે. પરંતુ સેક્ટર-1 મેટ્રો રેલ સ્ટેશનથી બપોરે 12.58 કલાકે પ્રથમ મેટ્રો રેલ ઉપડશે.

પાટનગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહ્યો છે. જોકે હાલમાં સેક્ટર-1 સુધી જ આવેલી મેટ્રો રેલ સેવાને આગામી સમયમાં સચિવાલયના કર્મચારીઓને પણ લાભ મળી રહે તે માટે સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા આગામી જૂન માસમાં શરૂ કરવામાં આવનાર છે. જોકે સેક્ટર-1 મેટ્રો રેલ સ્ટેશનથી સચિવાલય સુધીનો ટ્રાયલ રન ગત તારીખ 19મી, માર્ચ-2025 માસમાં યોજવામાં આવ્યો હતો. મેટ્રો રેલનો ટ્રાયલ રન ઓકે રહેતા તેની પછીની કામગીરીના ભાગરૂપે સેક્ટર-1થી સચિવાલય સુધીના મેટ્રો રેલ ટ્રેકની સેફ્ટીના મામલે ચકાસણી કરવામાં આવતી હોય છે. મેટ્રો રેલ ટ્રેકની સેફ્ટીનું નિરીક્ષણ મેટ્રો રેલ સેફ્ટી કમિશનર પોતાની ટીમ દ્વારા કરવામાં આવતું હોય છે. આથી તારીખ 19મી, એપ્રિલ, શનિવારના રોજ મેટ્રો રેલ સેફ્ટી કમિશનર મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને ગીફ્ટ સીટી સુધીના મેટ્રો ટ્રેકના સેફ્ટીનું નિરીક્ષણ કરશે.

ઉપરાંત મેટ્રો રૂટ ઉપર આવેલા સ્ટેશનમાં પણ મુસાફરોની સેફ્ટીની સાથે સાથે જરૂરી સુવિધા મળી રહે તેવી સગવડ ઉભી કરાઇ છે કે નહીં તેનું પણ નિરીક્ષણ મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા કરવામાં આવશે.

મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા 19મી, શનિવારે સવારે 8 કલાકથી બપોરે 12-30 કલાક સુધી મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને ગીફ્ટ સીટીના રૂટનું નિરીક્ષણ કરશે. મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા સેફ્ટીના નિયત કરેલા માપદંડોનું પાલન કરવામાં આવે છે કે નહી સહિતના પાસાઓનો અભ્યાસ કરવામાં આવશે. આથી મેટ્રો રેલ સવારે 8 કલાકથી રાત્રે 8-14 કલાક સુધી દોડે છે. તેમાં શનિવારે સવારથી બપોર સુધી મેટ્રો રેલ બંધ રખાશે.

આથી શનિવારે પ્રથમ મેટ્રો રેલ બપોરે 12-58 કલાકે સેક્ટર-1ના મેટ્રો રેલ સ્ટેશનથી ઉપડશે. તેવી રીતે બપોરે 1-12 કલાકે મોટેરા સ્ટેડિયમથી પ્રથમ મેટ્રો રેલ પ્રસ્થાન કરશે તેમ મેટ્રો રેલ વિભાગના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.



## ખામીઓ દૂર થયા બાદ પેસેન્જર રન ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવશે

મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને મેટ્રો રેલનો મોટેરા સ્ટેડિયમથી સચિવાલય સુધી મેટ્રો સેફ્ટી કમિશનર દ્વારા નિરીક્ષણ કર્યા બાદ રિપોર્ટમાં દર્શાવેલા ત્રુટીઓને દુર કરવાની કામગીરી કરાશે. જોકે રિપોર્ટમાં કેટલી ભૂલો છે તેના આધારે તેમાં સુધારા વધારા કરવાનો સમય લાગતો હોય છે. જરૂરી તમામ પ્રકારના ત્રુટીઓને દુર કર્યા બાદ મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા મંજુરી આપ્યા બાદ મેટ્રો રેલ સેવાને સચિવાલય સુધી શરૂ કરવાની મંજુરી અપાશે.

## મેટ્રો સેવા શરૂ થતાં હજુ મહિનાથી વધુ સમય લાગશે

મોટેરાથી સચિવાલય સુધી મેટ્રો રેલ સેવાને આગામી બે માસમાં શરૂ કરવામાં આવનાર છે. ત્યારે મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. મેટ્રો રેલ કમિશનર દ્વારા સેફ્ટીની નિરીક્ષણ કર્યા બાદ તેનો રિપોર્ટ તૈયાર કરાશે. રિપોર્ટના આધારે સચિવાલય સુધી મેટ્રો રેલ લાઇનમાં સુધારા વધારા માટે કરેલા સુચનાના આધારે જરૂરી સુધારા વધારા કરવામાં આવશે. ત્યારબાદ મેટ્ર રેલના સતત ટ્રાયલ યોજવામાં આવશે.